GUJARAT INDUSTRIAL DEVELOPMENT CORPORATION
(A Govt. of Gujarat Undertaking)
Block No.3,4, & 5, UdyogBhavan, Sector-11,
Gandhinagar-382010. Phone No.:+91-79-23250632, 34 to 37
Fax No. +91-79-23250590 [ website:www.gidc.gov.in]
e-mail:ce@gidcgujarat.gov.in

ક્રમાંક : GIDC / ENG/ CE/ ૧૫૮/ ૨૦૨૦ તા. ૦૧/૦૪/૨૦૨૦

## કાર્યાલય આદેશ

## વિષય: પાણી તથા ડ્રેનેજ બિલમાં વચગાળાની રાહત અંગે

તાજેતરમાં સમગ્ર દુનિયામાં ફેલાયેલ નોવેલ કોરોના વાઈરસ (COVID - 19) ની બીમારીએ ભયંકર મહામારીનું સ્વરૂપ ધારણ કરેલ છે. આ રોગચાળાને નિયંત્રણમાં લેવા રાજ્ય અને કેંદ્ર સરકાર દ્વારા અનેકવિધ પગલાં લેવામાં આવી રહેલ છે તથા સમગ્ર દેશમાં ૨૧ દિવસ માટે લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે. દેશવ્યાપી લોકડાઉનના પગલે રાજ્યમાં ઔદ્યોગિક ઉત્પાદન મહ્દ અંશે બંધ થવા પામેલ છે.

પ્રવર્તમાન સંજોગોમાં મીટર રીડર આપના મીટરનું વાંચન કરી શકે તેમ ન હોય જેથી પ્રવર્તમાન પ્રાવધાન અનુસાર કંપનીએ અગાઉના પાણીના વપરાશના આધારે અંદાજીત બીલ આપવાનુ રહે છે. આ પ્રકારની સ્થિતિમાં જરૂર વધ ઘટ ત્યાર પછીની બિલિંગ સાયકલમાં જ્યારે ખરેખર મીટરનું વાંચન કરી શકાય ત્યારે સરભર કરવામાં આવશે. જે વસાહતોમાં SSNNL/NWRD/GWIL દ્વારા પાણી મેળવવામાં આવે છે તેવી વસાહતો માટે સબંધિત વિભાગ દ્વારા આકરવામાં આવતા બિલના આધારે જીઆઈડીસી દ્વારા તેમના વપરાશકારોને બિલ આકરવામાં આવશે.

નિગમની વિવિધ ઔદ્યોગિક વસાહતો ખાતેના ફાળવણીદારો દ્વારા માર્ચ - ૨૦૨૦ તથા એપ્રીલ - ૨૦૨૦ ના પાણી તથા ડ્રેનેજ બિલ જારી થયે નિયત સમયમાં ભરી ન શકાય તે સંભવ છે. આ બાબતે કેટલાક ફાળવણીદારો તેમજ એસોશિયેશન દ્વારા પણ રજૂઆતો મળેલ છે. નિગમના વિવિધ ફાળવણીદારો દ્વારા માર્ચ - ૨૦૨૦ તથા એપ્રીલ -૨૦૨૦ ના પાણી તથા ડ્રેનેજ બિલ જારી થયે નિયત સમયમાં ચૂકવી શકે તેમ ન હોય ,ચૂકવવાની મુદત ૩૦-જુન-૨૦૨૦ સુધી લંબાવવા વચગાળાના હુકમો કરવામાં આવે છે. આ છૂટછાટના સમયગાળા દરમ્યાન પાણીના કનેક્શન કાપવાના રહેશે નહિ તેમજ વિલંબિત ચૂકવણા માટે કોઈ પણ વ્યાજ કે દંડકીય વ્યાજની આકરણી/ વસૂલાત નિગમના બોર્ડની મંજૂરીને આધીન હાલમાં લાગુ કરવાના રહેશે નહીં.

નિગમ તથા નોટીફાઈડ વિસ્તાર દ્વારા સંચાલિત પાણી તથા ડ્રેનેજની સ્કિમોને ઉપરોકત વચગાળાની રાહત લાગૂ પડશે.

ઉપરોક્ત વચગાળાના હુકમો સિવાય અન્ય નીતિ વિષયક બાબતો યથાવત રહેશે.

૦૧/૦૪/૨૦

મુખ્ય ઇજનેર
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ગાંધીનગર

પ્રતિ,

1. નિગમના તમામ અધિકારીશ્રીઓ તથા ચીફ ઓફિસર, નોટીફાઈડ વિસ્તાર ..... તરફ યોગ્ય કાર્યવાહી અર્થે.
2. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, ગાંધીનગર ............ તરફ જાણ સારૂ.
3. મેનેજરશ્રી (એસ એન્ડ એ), જીઆઈડીસી, ગાંધીનગર ...... તરફ સદર કાર્યાલય આદેશ વેબસાઈટ ઉપર મૂકવા સારું

નકલ સવિનય રવાના :

૧. માન. અધ્યક્ષશ્રી , ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ગાંધીનગર
૨. માન. ઉપાધ્યક્ષશ્રી અને વહીવટી સંચાલકશ્રી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ગાંધીનગર
૩. માન. સંયુક્ત વહીવટી સંચાલકશ્રી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ગાંધીનગર
૪. કાર્યપાલક નિયામકશ્રી, રીકવરી શાખા, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ગાંધીનગર
૫. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ગાંધીનગર,
૬. નિયામકશ્રી, નોટીફાઈડ વિસ્તાર, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ગાંધીનગર,